અપીલ અરજી નં.૨૨૭ તા.૨૧–૧૦ –૧૦/૧૧

અરજદારઃ– શ્રી સુરેશ એમ. પટેલ
સામાવાળાઃ– એડી.સીટી ઈજનેર અને જાહેર માહિતી અધિકારી (સેન્ટ્રલઝોન)

**ફરીયાદની હકીકતઃ–**

**વિષય :–** આરટીઆઈ એકટ હેઠળ શ્રી સુરેશ એમ. પટેલની તા.૨૭–૯–૧૦ ની અરજીથી ગુજરાત પોલ્યુશન કંટ્રોલબોર્ડના પ્રાદેશીક અધિકારી (સુરત)એ ગુ.પો. બોર્ડ સુરત –ટી–૨૪૩–૫૭૨ તા.૧૮–૬–૧૦ થી પત્ર સુ.મ.પા.ને રવાના કરવામાં આવેલ તેના અનુસંધાનમાં સુ.મ.પા.ની હદમાં રહેઠાણવાળા વિસ્તારમાં અવાજ અને ધ્રુજારી તેમજ કેમીકલ્સોની વાસ ની માત્રા માપવાના આધુનીક મશીનો કેટલા સમયમાં વસાવવામાં આવશે લોકહીત માટે માહિતી મેળવવા બાબત.

**સંદર્ભ :–** અરજદાર મજકુરની તા.૨૧–૧૦–૧૦ ની **SMC/FAP/** નં.૨૨૭/૨૦૧૦–૧૧

શ્રી સુરેશ એમ. પટેલની તા.૨૭–૯–૧૦ ની અરજીથી ગુજરાત પોલ્યુશન કંટ્રોલબોર્ડના પ્રાદેશીક અધિકારી (સુરત)એ ગુ.પો. બોર્ડ સુરત–ટી–૨૪૩–૫૭૨ તા.૧૮–૬–૧૦ થી પત્ર સુ.મ.પા.ને રવાના કરવામાં આવેલ તેના અનુસંધાનમાં સુ.મ.પા.ની હદમાં રહેઠાણવાળા વિસ્તારમાં અવાજ અને ધ્રુજારી તેમજ કેમીકલ્સોની વાસ ની માત્રા માપવાના આધુનીક મશીનો કેટલા સમયમાં વસાવવામાં આવશે લોકહીત માટે માહિતી મેળવવા બાબતે એડી.સીટી ઈજનેર અને જાહેર માહિતી અધિકારી સેન્ટ્રલઝોનના પત્ર નં.સીઝેડ/ આરટીઆઈ/ ૯૮૬ તા.૧૪–૧૦–૧૦થી આપેલ માહિતી ખોટી આપેલ હોવાનું જણાવી મળેલ પ્રતિભાવથી નારાજ થઈ એપેલેટ ઓફિસરને તા.૨૧–૧૦–૧૦ ના રોજ અપીલ કરવામાં આવેલ છે.

જે સંદર્ભે અરજદારની અપીલ અરજીના અનુસંધાને મૂળ અરજીની નકલ, આપેલ માહિતીની નોંધ વિભાગ સહિત નકલ આપવા જોગ પૂરક માહિતીની વિગતો તથા વિલંબ/ વિસંગતતા હોય તો તેની સ્પષ્ટતાસહ પહોંચતી કરવા તથા સાથેં અપીલના મુદ્દા અંગે તેમનો પક્ષ રજુ કરવા પત્ર નં.આરટીઆઈ સેલ/૮૭૧ તા.૨૯–૧૦–૧૦ થી એડી.સીટી ઈજનેર અને જાહેર માહિતી અધિકારી (સેન્ટ્રલઝોન) ને પત્ર પાઠવવામાં આવેલ. જેના અનુસંધાને જાહેર માહિતી અધિકારી તરફથી અત્રેના વિભાગને કોઈ પૂરક વિગતો મળેલ નથી.

અરજદારની તા.૨૭–૯–૧૦ ની અરજીથી ઉપરોકત વિષય અને સંદર્ભ હેઠળની માહિતી માંગતી અરજી સેન્ટ્રલઝોન ખાતે કરવામાં આવેલ. જે સેન્ટ્રલઝોન તરફથી પત્ર નં.સે.ઝોન/ આરટીઆઈ/જાવક/ ૯૦૯ તા.૨૯–૯–૧૦ થી ઈ.ચા. ડે.કમિ. (હે અનેહો) ને તબદીલ કરવામાં આવેલ. જે જાહેર માહિતી અધિકારી અને ઈ.ચા. ડે.કમિ. (હે અને હો) તરફથી પત્ર નં.જાવક/પીએચડી/આઅ/પીઆઈ/૨૮૧ તા.૧૫–૧૦–૧૦ થી કાર્યપાલક ઈજનેર અને મ. જાહેર માહિતી અધિકારી સેન્ટ્રલઝોનને તબદીલ કરવામાં આવેલ. સેન્ટ્રલઝોન તરફથી પત્ર નં.સી.ઝેડ/આરટીઆઈ/આ.નં.૯૮૬ તા.૧૪–૧૦–૧૦ થી " આરટીઆઈ એકટ હેઠળ આ પ્રશ્નનો સમાવેશ થતો ન હોઈ માહિતી આપવાની રહેતી નથી" તેવું જણાવેલ. સેન્ટ્રલઝોન ખાતેથી ડે.કમિ.(હે અને હો) ને કરેલ તબદીલી તેમણે આપેલ માહિતી પત્ર જોતાં નિવારી શકાય તેમ હતી તેમ છતાં જાહેર માહિતી અધિકારી સેન્ટ્રલઝોન કક્ષાએથી સમય મર્યાદામાં માહિતી આપેલ છે તે પણ સૂચક છે. જે બાબતે અરજદારે માહિતી ખોટી હોવાનું જણાવી મળેલા પ્રતિભાવથી નારાજ થઈ તા.૨૧–૧૦–૧૦ ના રોજ અપીલ અરજી કરેલ છે. જેમાં અરજદારે અપીલના મુદ્દા નં.૧ મે જે માહિતી માંગેલ અને જાહેર માહિતી અધિકારી એડી. સીટી ઈજનેર સેન્ટ્રલઝોન તરફથી જે માહિતી આપવામાં આવેલ છે જે ખોટી છે. અપીલના મુદ્દા નં.ર મે જે માહિતી માંગેલ તે કઈ કલમ મુજબ આરટીઆઈ હેઠળ આવતી નથી તે કલમની જાણકારી આપવામાં આવેલ નથી શા માટે. અપીલના મુદ્દા નં.૩ સુમપાના આરોગ્ય વિભાગ જરી ગીલીટના એકમોવાળાને જવલનશીલ પદાર્થો જેવા કે, સેલો લેકર સ્પ્રીરીટના પરવાના બીપીએમસી એકટ–૩૭૬(૧) મુજબ ફકતને ફકત સંગ્રહ કરવા માટે પરવાના આપવામાં આવે છે. આ તમામ જરીગલીટના એકમોવાળા પરવાનોનો ભંગ કરી જવલનશીલ પદાર્થ વપરાશ કરેલ છે. જેના કારણે ખુબ જ તીવ્ર વાસ આવે છે અને આવા ચાલતા એકમોવાળા વિસ્તારના નાગરિકના આરોગ્ય પણ બગડે છે એટલે વન અને પર્યાવરણ વિભાગે ક્રમાંક ઈએનવી–૧૦૨૦૦૯–૧૦૨૭ –ઈ તા. ૨૮–૭–૦૯ ના પત્રમાં જવાબદારી સુમપાની નકકી કરેલ છે. અપીલના મુદ્દા નં.૪ સુમપાના કમિશનરને વન અને પર્યાવરણ વિભાગના ક્રમાંક ઈએનવી–૧૦૨૦૦૯–૧૦૨૭ –ઈ તા. ૨૮–૭–૦૯ ના પત્રમાં કમિ.ની જવાબદારી નકકી કરેલ તેના અનુસંધાનમાં સરકારના નાયબ સચિવશ્રી વન અને પર્યાવરણ વિભાગને સેન્ટ્રલઝોન આરટીઆઈ આ.નં.૮૮૫ તા.૧–૧૦–૦૯ થી ફેર વિચારણા માટે પત્ર રવાના કરેલ. જેના અનુસંધાનમાં વન અને પર્યાવરણ વિભાગના ઉપસચિવશ્રી મૌલિક ખરાડીએ ક્રમાંક આરટીઆઈ–૧૦૨૦૧૦ આરટીઆઈ–૧૧–ઈ તા.૫–૧૦–૧૦ ના પત્રમાં જણાવેલ છે કે જવાબદારી સુમપાના કમિશ્નરની જ આવે છે. અપીલના મુદ્દાં ન.૫ જયારે વન અને પર્યાવરણ વિભાગના ઉપસચિવ જવાબદારી સુમપાના કમિશ્નરની નકકી કરેલ હોય તો પછી સુરતના નાગરીકોની આરોગ્યની જવાબદારી પણ સુમપાના કમિશ્નરની જ આવતી હોય તો પછી જે કેમીકલ્સની વાસ આવતી હોય તે અટકાવવા માટે જરૂરી સાધન પણ વસાવાની જવાબદારી સુમપાના કમિશ્નરનીજ આવતી હોય તો પછી શા માટે માહિતી ખોટી આપવામાં આવેલ છે. અપીલના મુદા નં.૬ સુમપા તરફથી સાચી માહિતી આપવાના બદલે એક બીજા વિભાગ પર નાંખી મને સાચી માહિતી આપવામાં આવતી નથી શા માટે. અપીલના મુદ્દા નં. ૭ વન અને પર્યાવરણ વિભાગના ૨૮–૭–૦૯,૫–૧૦–૧૦ પત્રો સામેલ છે. આમ અરજદારે અપીલમાં કરેલી રજૂઆત માંગેલી માહિતીથી અલાયદી કરવામાં આવેલ છે. જેમાં અરજદારે જવાબદારી સુમપાની આવે છે અને માહિતી ખોટી છે તેવું જણાવલ છે. પરંતુ

આપવામાં આવેલી માહિતી બાબતે ફકત મુદ્દા નં. ૨ માં અરજદારે કઈ કલમ હેઠળ આ માહિતી આપવામા આવતી નથી જે કાયદા સાથે સુસંગત છે. જે બાબતે અરજદારની ધ્રુજારી અને કેમીકલોના વાસની માત્રા માપવાના આધુનિક મશીનો કેટલા સમયમાં વસાવવામાં આવશે તેવી મુળ અરજીની માંગણી છે. જે અરજદારે ભવિષ્યમાં થનારી કામગીરીની માંગણી કરેલ છે. આરટીઆઈ એકટની કલમ–૨(એફ) અને ૨(જે) હેઠળ માહિતી અને માહિતી અધિકારની વ્યાખ્યા અન્વયે જાહેર સત્તા મંડળ પાસેની અથવા નિયંત્રણ હેઠળની દફતરી ઉપલબ્ધ માહિતી પૂરી પાડવાની જોગવાઈ છે. આમ અરજદારની માંગણી કાયદા સાથે સુસંગત નથી.

અરજદારની માહિતી માંગણી સુમનપા ધ્વારા સાધનો વસાયા અંગેની છે. જો આ પ્રકારના સાધનો કિંમતી હોય અને સરકારની અન્ય એજન્સી કે કચેરી ધ્વારા વસાવેલ હોય તો તેવી એજન્સી કે કચેરી જેવી કે જીપીસીબી મારફતે તેવા સાધનોના ઉપયોગ ધ્વારા સુમનપાની ફરજ અદા કરી શકાય. કરકસરયુકત જાહેર નાણાંનો ઉપયોગ કરી શકાય તે ઉલ્લેખનીય છે. છતાં સાધનો વસાવવા કે કેમ? અને કયારે તે નીતિ વિષયક બાબત હોઈ તે નિર્ધારિત થયા બાદ જ માહિતીના સ્ત્રોત હેઠળ તેવી વિગત આવે છે અને તે પછી જ માહિતી જાહેર કરવાનો પ્રશ્ન ઉપસ્થિત થાય. હાલના તબકકે તેવી માહિતી આપવાનું પ્રસ્તુત બને નહીં.

**હુકમ**

અરજદારની મુળ અરજી,અપીલ અરજી તેમજ ઉપલબ્ધ હકીકત ધ્યાને લેતાં નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.

અરજદારની તા.૨૭–૯–૧૦ ની અરજીથી માંગવામાં આવેલી માહિતી બાબતે જાહેર માહિતી અધિકારીએ આપેલ પ્રતયુત્તર અયોગ્ય ન હોઈ અપીલ અરજી અંગે કંઈ વિશેષ કરવાનું રહેતું ન હોઈ અપીલ અરજી દફતરે કરવામાં આવે છે. અરજદારની મુળ અરજીથી અપીલ તબકકે કાર્યવાહીને લગતી અલાયદી રજૂઆત બાબતે સક્ષમ સત્તાને અલાયદી રજૂઆત કરવા અરજદાર સ્વતંત્ર છે.

નં.આરટીઆઈસેલ/
તારીખ : –૧૧–૧૦

ડે.કમિશ્નર (સ્પે.)
અને એપેલેટ ઓફિસર
સુરત મહાનગર પાલિકા

પ્રતિ,
(૧) એડી.સીટી ઈજનેર અને જાહેર માહિતી અધિકારી (સેન્ટ્રલઝોન)....જાણ તથા અમલ માટે .
(૨) શ્રી સુરેશ એમ. પટેલ